ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન" ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૨૦/૧૮-૧૯/2574 તારીખઃ 12 JUN 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી સીસરા નથુભાઈ રણછોડભાઈ,
પ્લોટ વિસ્તાર, મુ.બાંભણિયા,
તા.મહુવા, જી.ભાવનગર.

**કેસ નં.: ૨૦/૧૮-૧૯**

**વિષયઃ નવા ખેતીવાડી કનેકશન મળવા બાબત.**

**સંદર્ભઃ** (૧) આપનો પત્ર તા.૧૮-૦૪-૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૦/૧૮-૧૯/૧૯૬૨ તા.૦૨/૦૫/૨૦૧૮.

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ગ્રામ્ય-૧ મહુવા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

## ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૨૦/૧૮-૧૯ નો હુકમ

વાદી શ્રી ની તા.૧૮-૦૪-૧૮ ની રજુઆત અન્વયે તેમની ફરીયાદનું નિવારણ કરવા જણાવવામાં આવેલ. વાદી શ્રી સીસરા નથુભાઈ રણછોડભાઈ, મુ.બાંભણિયા, તા.મહુવા, જી.ભાવનગર ધ્વારા રજુઆત કરેલ કે તેઓએ મહુવા તાલુકાના બાંભણીયા ગામમાં સુસડીના કેડા ઉપર આડો કેડો ઉપર ખારા વિસ્તારમાં ખેતીવાડી જમીન આવેલ છે. જેના ખેતીવાડી વીજ કનેકશન માટે નોર્મલ વારા માટેનું એસ.પી.એ. ફોર્મ ભરીને તા.૨૧-૨-૨૦૧૪ ના રૂા.૨૦૦/- પહોંચ નં.૧૭૪૩૩૦ થી રજીસ્ટ્રેશન ચાર્જના નાણા ભરી આપેલ તેનો જી.પી.નં.૧૧૨૪૫ જણાવેલ. ત્યારબાદ ક્રમ પ્રમાણે વારો આવવાથી મહુવા રુરલ-૧ માંથી કર્મચારી અમારી ખેતીવાડી સર્વે મોજણી કરવા આવેલ અને જણાવેલ કે તમને થોડા દિવસમાં કચેરી ધ્વારા કવોટેશન આવે ત્યારબાદ નવા આધાર પુરાવા લઈને આવજો. ત્યારબાદ વારંવાર કચેરીએ ધક્કા ખાવા છતા આજદિન સુધી કવોટેશન આવેલ નથી.

સદર અરજદારની અરજી અન્વયે પ્રતિવાદી ધ્વારા જરૂરી કાર્યવાહી કરી વાદીને કોટેશન આપી અરજદારની ફરિયાદનો હકારાત્મક નિકાલ કરી આપેલ છે.

આમ, પ્રતિવાદી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીથી તેઓની ફરીયાદનો સંતોષકારક નિકાલ થયેલ છે અને સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે અને વાદીને હવે કોઈ ફરીયાદ રહેતી નથી તેવુ તેમણે તેમના તા.૦૭-૦૬-૧૮ ના પત્રમાં લેખીતમાં જણાવેલ છે. આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ છતાં વાદીને સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેર હાજર
(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ.આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- /૦૬/૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.